પરિશિષ્ટ–૧(૧)

# બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ–૩૬૦૦૦૫

**બાબાસાહેબ ડૉ.આંબેડકરનું જીવન અને દર્શન**

**Babasaheb Dr. Ambedkar Life and Philosophy**

**(BDALP)**

# પ્રમાણપત્રીય અભ્યાસક્રમની માર્ગદર્શિકા

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, પત્ર નં. અજાક/૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૯–૬૩ બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા

તા. ૨૬/૦૭/૨૦૧૯, તા.૦૭/૦૪/૨૦૨૨, તા. ૨૮/૦૪/૨૦૨૩ અને તા.૦૪/૦૪/૨૪ની બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટરની સલાહકાર સમિતિમાં મંજૂર થયેલ માર્ગદર્શિકા.

**વર્ષ : ૨૦૨૪–૨૫**

# બાબાસાહેબ ડૉ.આંબેડકરનું જીવન અને દર્શન
# Babasaheb Dr. Ambedkar Life and Philosophy (BDALP)

(૦૧) **પ્રસ્તાવના :**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે રાજ્યની પાંચ યુનિવર્સિટીઓમાં વર્ષ ૨૦૧૬માં શૈક્ષણિક સ્ટાફની મંજૂરી સાથે સેન્ટરો મંજૂર કરવામાં આવ્યાં. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચેર–સેન્ટરની સ્થાપના બાબાસાહેબડ ડૉ.બી. આર. આંબેડકરજીના મહાપરિનિર્વાણદિવસ નિમિત્તે તા.૬/૧૨/૨૦૧૬માં કરવામાં સ્થાપના આ ચેર–સેન્ટરની સ્થાપના કરવા પાછળ સરકારશ્રીનું ઉદ્દેશ્ય એ છે કે, સમાજમાં ડૉ. આંબેડકરજીના ચિંતન અને વિચારોનો ફેલાવો થાય તથા સમાજમાં સમાજિક સમન્વય જળવાય રહે અને દેશમાં રાષ્ટ્રિય એકતા કાયમ કરવામાં આ ચેર–સેન્ટર યોગદાન આપે. આ ચેર–સેન્ટરની કામગીરી માટે રાજ્ય સરકારશ્રી વાર્ષિક ધોરણે ગ્રાન્ટ ફાળવે છે તથા આ ચેર–સેન્ટરના સંચાલન અને કામગીરી માટે ચોક્કસ માર્ગદર્શિકા આપવામાં આવી છે.

આ ચેર–સેન્ટરની માર્ગદર્શિકાના વિભાગ–Bમા ૧૨ મુદ્દાઓ આપવામાં આવ્યા છે. જેમાં ચેરમાં કરવાની કામગીરી દર્શાવવામાં આવી છે. તેમના પ્રથમ મુદ્દામાં Research Work (Long/short term) અંતર્ગત ડૉ. આંબેડકરજીના જીવન, ચિંતન અને કાર્યોને જનમાનસ સુધી પહોંચાડવા માટે ચેર–સેન્ટર દ્વારા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવાનું વિચારવામાં આવ્યું છે.

(૦૨) **કોર્સનું નામ :** **બાબાસાહેબ ડૉ.આંબેડકરનું જીવન અને દર્શન**
**Babasaheb Dr. Ambedkar Life and Philosophy (BDALP)**

(૦૩) **ઉદ્દેશ્ય :**

- રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. બી.આર.આંબેડકરજીના જીવન ચરિત્રથી લોકો પ્રેરણા મેળવે.
- રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના ચિંતન અંગે સમાજમાં જાગૃતિ આવે.
- રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના ચિંતનની મુખ્ય વિશિષ્ટતા એવા સામાજિકન્યાયના મંત્ર દ્વારા રાષ્ટ્રિય એકતાને કાયમ કરવા.
- સમાજમાં છેવડાના માનવી સુધી બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનો ફેલાવો થાય.

(૦૪) **કોર્સનો સમયગાળો અને કાર્યદિવસ**

૪ :૧ **કોર્સની સમયાવધિ :** આ કોર્સમાં પ્રવેશ દર વર્ષે યુનિવર્સિટીના પ્રથમ સત્રથી આપવામાં આવશે તથા કોર્ષની સમયાવધિ યુનિવર્સિટીના પ્રથમ સત્ર પ્રમાણેની રહેશે અને કોર્સ ૩૦ વ્યાખ્યાનનો રહેશે.

- જો એક સત્રાંત પરીક્ષામાં સફળ ન થાય તો સંબંધિત પાઠયક્રમોની સત્રાંત પરીક્ષા વિદ્યાર્થી બે વર્ષના સમયગાળા દરમ્યાન પોતાની અનુકૂળતા મુજબ આપી શકશે.
- બે વર્ષના સમયગાળામાં અભ્યાસક્રમ પૂર્ણ ન કરી શકનાર વિદ્યાર્થીને પુનઃ નોંધણી કરાવવી પડશે.

૪ : ૨ **કાર્યદિવસ :** સપ્તાહમાં બે દિવસ

(૦૫) **પ્રવેશ સંખ્યા / પાત્રતા/ પ્રવેશ પ્રક્રિયા / ફીનું ધોરણ**

૫ : ૧ **પ્રવેશ સંખ્યા :** અભ્યાસક્રમમાં એક પ્રમાણપત્રીય વર્ગમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે તથા **૩૦ થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા ચેર–સેન્ટરની રહેશે.**

